પશ્ચિમ રેલવે દ્વારા ૦૩ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત

અમદાવાદ, પશ્ચિમ રેલવે દ્વારા યાત્રીઓની માંગ અને સુવિધાને ધ્યાનમાં રાખીને ૦૩ જોડી સ્પેશિયલ ટ્રેનોના ફેરા વિસ્તારિત કરવામાં આવ્યા છે. આ ટ્રેનોનું વર્ણન આ રીતે છે :

૧. ટ્રેન નંબર ૦૯૪૫૫ ગાંધીનગર કેપિટલ-ભુજ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૨. ટ્રેન નંબર ૦૯૪૫૬ ભુજ-ગાંધીનગર કેપિટલ સ્પેશિયલ જેને પહેલાં ૩૧ માર્ચ ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૩૦ જૂન ૨૦૨૪, સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૩. ટ્રેન નંબર ૦૯૪૧૫ બાન્દ્રા ટર્મિનસ-ગાંધીધામ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૪. ટ્રેન નંબર ૦૯૪૧૬ ગાંધીધામ-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૫. ટ્રેન નંબર ૦૯૨૦૭ બાન્દ્રા ટર્મિનસ-ભાવનગર સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૯ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૮ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

૬. ટ્રેન નંબર ૦૯૨૦૮ ભાવનગર-બાન્દ્રા ટર્મિનસ સાપ્તાહિક સ્પેશિયલ જેને પહેલાં ૨૮ માર્ચ, ૨૦૨૪ સુધી જાહેર કરવામાં આવી હતી, હવે તેને ૨૭ જૂન, ૨૦૨૪ સુધી વિસ્તારિત કરી દેવામાં આવી છે.

ટ્રેન નંબર ૦૯૪૫૫, ૦૯૪૫૬, ૦૯૪૧૫, ૦૯૪૧૬, ૦૯૨૦૭ અને ૦૯૨૦૮ ના વિસ્તારિત ફેરાનું બુકિંગ ૨૮ માર્ચ, ૨૦૨૪ થી પીઆરએસ કાઉન્ટર અને આઈઆરસીટીસીની વેબસાઈટ પર શરૂ થશે. ટ્રેનોના રોકાણ, સંરચના અને સમય અંગે વધુ જાણકારી માટે યાત્રીઓ કૃપા કરીને www.enquiry.indianrail.gov.in પર જઈને નિરીક્ષણ કરી શકે છે.

અમરેલી જિલ્લામાં તા.૩૧ માર્ચે ગુજકેટ પરીક્ષા-૨૦૨૪ યોજાશે

અમરેલી, ગુજરાત માધ્યમિક અને ઉચ્ચત્તર માધ્યમિક શિક્ષણ બોર્ડ, ગાંધીનગર દ્વારા ગુજકેટ પરીક્ષા-૨૦૨૪નું આયોજન કરવામાં આવ્યું છે. અમરેલી ખાતે કે.કે.પારેખ અને મહેતા વિદ્યાલય, ટી.પી. એન્ડ એમ.ટી. મ્યુનિસિપલ ગર્લ્સ હાઈસ્કૂલ, જીજીબેન ફોરવર્ડ ગર્લ્સ હાઈસ્કુલ, દીપક હાઈસ્કુલ, એસ.એસ. અજમેરા ગર્લ્સ હાઈસ્કુલ, એસ.એસ. ગજેરા સ્કુલ, ઓક્સફર્ડ હાઈસ્કુલ, શ્રી બી.એન. વિરાણી હાઈસ્કુલ, પાઠક હાઈસ્કુલ ખાતે આગામી તા.૩૧ માર્ચ, ૨૦૨૪ને રવિવારના રોજ આ પરીક્ષા યોજાશે.

આ પરીક્ષાને ધ્યાને લઈ અમરેલી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટ દ્વારા ફોજદારી કાર્યરીતિ અધિનિયમ-૧૯૭૩ (૧૯૭૪નો બીજો અધિનિયમ) અંતર્ગત જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યુ છે. આ પરીક્ષાનું આયોજન કરવામાં આવ્યું છે તે પરીક્ષા સ્થળ પર કાયદો અને વ્યવસ્થા જળવાઇ રહે, ગેરરીતિ ન થાય તે માટે ઉપરાંત પરીક્ષા કેન્દ્રોમાં મોબાઈલ, ફેક્સ, ઝેરોક્ષ, કોપી મશીનો, અન્ય પ્રકારના કોમ્યુનિકેશન સાધનો તથા આસપાસના વિસ્તારોમાં ઝેરોક્ષ, કોપી મશીનો સહિતના ઈલેક્ટ્રોનિક વિજાણુ યંત્ર પર પરીક્ષા સમય દરમિયાન પ્રતિબંધ રહેશે. પરીક્ષા કેન્દ્રોની ચો તરફ ૧૦૦ મીટરની ત્રિજયામાં આવેલા તમામ મકાનો તથા જગ્યા સ્થળ અને વિસ્તારમાં આ જાહેરનામાં અંતર્ગત પ્રતિબંધિત કૃત્યો કરવા મનાઇ ફરમાવવામાં આવી છે. પરીક્ષાર્થીઓને ખલેલ ન પહોંચે તે માટે પરીક્ષા સ્થળની આસપાસના વિસ્તારમાં લાઉડ સ્પીકરના ઉપયોગ પર પ્રતિબંધ રહેશે. પરીક્ષા બિલ્ડિંગ ખાતે કોઈપણ પરીક્ષાર્થી તેમ જ પરીક્ષા સાથે સંકળાયેલ હોય તેવા કર્મચારી તેમના મોબાઈલ લઈ જઈ શકશે નહી. બિલ્ડિંગના પ્રવેશદ્વારથી જ અંદર મોબાઈલ લઈ જવા પર પ્રતિબંધ છે. અનિવાર્ય સંજોગોમાં જ સ્થળ સંચાલક પોતાનો મોબાઈલ લઈ જઈ શકશે. પરંતુ મોબાઈલ જે-તે સંસ્થાના આચાર્યશ્રીના રુમમાં સેફ કસ્ટડીમાં રાખી તેનો દુરુપયોગ ન થાય તેની તકેદારી રાખવાની રહેશે.

વડોદરા પોસ્ટરકાંડમાં પોલીસે આપેલી નોટીસનો જવાબ લખાવવા શહેર કોંગ્રેસ પ્રમુખ પોલીસ મથકે પહોંચ્યા

વડોદરા,

વડોદરા શહેરના સાંસદ અને આગામી લોકસભાની ચૂંટણી માટેના ભાજપના ઉમેદવાર રંજનબેન ભટ્ટ વિરૂદ્ધ પોસ્ટર કાંડમાં તપાસનો રેલો શહેર કોંગ્રેસ પ્રમુખ રૂત્વિજ જોશી સુધી પહોંચ્યો છે. ગતરોજ વારસીયા પોલીસ મથક દ્વારા રૂત્વિજ જોશીને હાજર રહેવા માટે નોટીસ પાઠવવામાં આવી હતી. જેનો જવાબ આપવા માટે તેઓ આજે મહાત્માં ગાંધીજીના કટાઉટ સાથે જવાબ આપવા માટે હાજર થયા છે. આ તકે તેમણે પોલીસની કાર્યવાહી સામે સવાલો ઉઠાવ્યા હતા.

વડોદરાથી ત્રીજી ટર્મના સાંસદના ઉમેદવાર રંજનબેન ભટ્ટ વિરૂદ્ધ પોસ્ટર વોર શરૂ થયું હતું. રાત્રીના અંધારામાં લગાવાયેલા પોસ્ટરો લગાડનારાઓ સામે ગણતરીના કલાકોમાં કાર્યવાહી કરી પકડી પાડવામાં આવ્યા હતા. તપાસના રેલો શહેર કોંગ્રેસ પ્રમુખ રૂત્વિજ જોશીને હાજર થવા નોટીસ પાઠવવામાં આવી હતી. જેના અનુસંધાને જવાબ આપવા તેઓ પહોંચ્યા છે.

આ પ્રસંગે રૂત્વિજ જોશીએ મીડિયા સમક્ષ જણાવ્યું હતું કે, વારસીયા પોલીસ ઈન્સ્પેક્ટર અને તેમનો સ્ટાફ ગતરોજ મારા ઘરે આવ્યા હતા. તેમણે મને નોટીસ પાઠવી હતી. નોટીસમાં બે દિવસમાં નિવેદન આપવા માટે જણાવ્યું હતું. અમે કાયદાનું પાલન કરનારા લોકો છીએ અને કાયદામાં માનીએ છીએ. પીઆઈએ કીધું એટલે પહેલા જ દિવસે હું હાજર થઈ ગયો છું. કાયદાકીય પ્રક્રિયામાં સંપુર્ણ સહકાર આપવાનો છું. બીક એને લાગે જેણે કંઇ ખોટું કર્યુ હોય. વડોદરા શહેર કોંગ્રેસ પ્રમુખ તરીકે મને બે વર્ષ પૂર્ણ થયા છે. બે વર્ષ દરમિયાન ભાજપ સામેના આંદોલનો જાહેરમાં કર્યા છે અને બેનર પોસ્ટર સાથે પરવાનગી લઈને આંદોલન કર્યા છે. અમે સાંસદ વિરૂદ્ધ પ્રધાનમંત્રીને પત્ર લખ્યો છે. વડોદરા શહેરનો વિકાસ નથી થયો તે કોંગ્રેસ બોલે છે. આ વાત પહેલા કોણે કહી, પહેલા મુખ્યમંત્રીએ કહી, તે પછી ભાજપ પ્રદેશ પ્રમુખે કહી. ભાજપમાં આંતરિક વિખવાદ ચરમસીમાએ હોય, તેમના જ મહિલા આગેવાન ભ્રષ્ટાચારની પોલ ખોલે, કહે વિકાસ નેતાનો થયો છે. તેમના ધારાસભ્ય રાજીનામું આપે, પછી ડેમેજ કંટ્રોલ થઈ જાય.

રૂત્વિજ પોલીસને રીકવેસ્ટ છે, મુખ્યમંત્રીએ કહ્યું કેટલાક શુભચિંતકોને મારા પ્રત્યે પ્રેમ છે, તેઓ મારા નામની સંડોવણી કરવાનો પ્રયાસ કરે છે.

હરણી બોટ કાંડમાં ૧૪ લોકોએ જીવ ગુમાવ્યો, પાલિકાના પાપે આ થયું ત્યારે ભાજપનો એક પણ નેતા હોળી બોટકાંડમાં ન્યાયની વાત ન કરે, ત્યારે કોંગ્રેસે સહિ ઝુંબેશનો કાર્યક્રમ કર્યો.

નોટીસના તપાસ માત્ર કલમનો ઉલ્લેખ છે, તેમાં કઈ ઘટના બાબતે જવાબ લખાવવા આવવું તેનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી. વધુમાં રૂત્વિજ જોશી જણાવે છે કે, જ્યારે કોંગી આગેવાનોની ધરપકડ થઇ ત્યારે હું હાજર હતો. ત્યારે મને કેમ નોટીસ પાઠવવામાં ન આવી? અમે મહાત્મા ગાંધીના સિપાહી છીએ. લોકશાહી ઢબે લડવા માંગીએ છીએ. સોફ્ટ ટારગેટ રૂત્વિજ જોશી છે.

સુરત પાલિકાના માનદરવાજા ટેનામેન્ટ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે પાંચમા પ્રયાસે પણ ઓફર નહી મળી

સુરત, સુરત પાલિકાના રીંગરોડ પર માનદરવાજા ટેનામેન્ટ રી-ડેવલપમેન્ટ પ્રોજેક્ટ માટે પાલિકા અને અસરગ્રસ્તોએ વધુ સમય રાહ જોવી પડશે. પાલિકાએ અત્યાર સુધીમાં ચાર ટેન્ડર બહાર પાડ્યા હતા પરંતુ કોઈ ઓફર આવી ન હતી. ત્યારબાદ પાલિકાએ ડિઝાઈન અને પ્લાનિંગ બદલ્યા બાદ પાંચમું ટેન્ડર બહાર પાડ્યું હતું ત્યાર બાદ પણ કોઈ એજન્સીએ ઓફર નહી કરતા હવે પાલિકા માન દરવાજા રી-ડેવલપમેન્ટ માટે છઠ્ઠો પ્રયાસ માટે આચાર સંહિતા પહેલા જ ટેન્ડર બહાર પાડી દેવામાં આવ્યા છે. સુરતના રીંગરોડ પર છેલ્લા બે વર્ષથી માનદરવાજા ટેનામેન્ટ રી ડેવલપમેન્ટ પ્રોજેક્ટ શરુ કરવામાં આવ્યો છે પરંતુ ઘોંચમાં પડ્યો છે. બે વર્ષ પહેલાં જર્જરિત ટેનામેન્ટમાંથી અસરગ્રસ્તોને શિફ્ટ કરવામાં આવ્યા હતા. પાલિકાએ આ ટેનામેન્ટ રી-ડેવલપમેન્ટ કરવા માટે ટેન્ડર બહાર પાડ્યા હતા. ત્યાર બાદ કોઈ એજન્સીની ઓફર નહી આવતા ધારાસભ્યની સંકલન બેઠકમાં અરવિંદ રાણા અને સંગીતા પાટીલે પ્રોજેક્ટ ઝડપથી શરુ કરી અસરગ્રસ્તોને ન્યાય આપવાની રજૂઆત કરી હતી. ધારાસભ્યોની ઉગ્ર રજુઆત બાદ પાલિકાએ ટેનામેન્ટ રિડેવલપમેન્ટ માટેની ટેન્ડર પ્રક્રિયા આખરી તબક્કામાં હોવાની વાત કરી હતી. આ પહેલા ટેન્ડર બહાર પાડવામાં આવ્યા હતા પરંતુ કોઈ એજન્સી આગળ આવી ન હતી. જેના કારણે પાલિકાએ આ પ્રોજેક્ટ માટે નવી ડિઝાઈન અને પ્લાનિંગ સાથે ટેન્ડર બહાર પાડ્યા હતા.

સુરતની સ્મીમેર હોસ્પિટલને પેપરલેસ બનાવવા માટે પહેલો અને બીજો બન્ને ફેઝ જુન માસમાં શરૂ થશે

સુરત, સુરત મહાનગરપાલિકા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ ગરીબ અને મધ્યમ વર્ગીય દર્દીઓની સુવિધાને ધ્યાને રાખીને પેપરલેસ સિસ્ટમ ઉભી કરી હતી. આ માટે પાલિકાએ પાયલોટ પ્રોજેક્ટ ટ્રાયલ રુપે શરુ કર્યો હતો. પરંતુ સોફ્ટવેરમાં કેટલીક ક્ષતિઓ આવતાં કામગીરી દરમિયાન દર્દીઓની લાંબી લાઈન લાગી જતા વિવાદ ઉભો થયો હતો. જેના કારણે હવે સોફ્ટવેર અપડેટ કરીને સ્મીમેર હોસ્પિટલને પેપરલેસ બનાવવા માટે પહેલો અને બીજો બન્ને ફેઝ જુન માસમાં શરૂ કરવા માટે કવાયત થઈ રહી છે. સહારા દરવાજા પાસે સુરત મહાનગરપાલિકા દ્વારા સંચાલિત સ્મીમેર હોસ્પિટલ શહેરના ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારો માટે આશીર્વાદ સમાન સાબિત થઈ રહી છે.

સ્મીમેર હોસ્પિટલમાં અલગ-અલગ વિભાગોમાં પ્રતિદિન હજારોની સંખ્યામાં દર્દીઓ સારવાર માટે આવતાં હોય છે ત્યારે દર્દીઓ અને તેમના પરિવાર જનોનો મોટા ભાગનો સમય કેસ પેપર થી માંડીને તબીબનો બતાવવામાં વેડફાઈ જતો હોય છે. જેના કારણે પાલિકાએ હોસ્પિટલ ઈન્ટિગ્રેટેડ મેનેજમેન્ટ સિસ્ટમ (એચઆઈએમએસ) હેઠળ સ્મીમેર હોસ્પિટલને સંપૂર્ણપણે કોમ્પ્યુટરાઇઝડ કરવા સાથે પેપર લેસ બનાવવા માટે આયોજન કર્યું હતું. આ માટે થોડા દિવસો પહેલાં પ્રાયોગિક ધોરણે ટોકન સિસ્ટમ શરૂ કરવા સાથે પેપરલેસ કામગીરી માટેનો પાયલોટ પ્રોજેક્ટ શરૂ કર્યો હતો. જોકે પહેલા જ પ્રયાસમાં સોફ્ટવેરમાં કેટલીક ક્ષતિઓ બહાર આવી હતી જેના કારણે હોસ્પિટલમાં દર્દીઓની લાંબી લાઈન લાગી ગઈ હતી. તેના કારણે સોફ્ટવેર અપડેટ કર્યા બાદ બે ફેઝનો પ્રોજેક્ટ હવે જુન મહિનામા શરૂ કરવા આયોજન થઈ રહ્યું છે.

સ્મીમેર હોસ્પિટલને પેપરલેસ બનાવવા માટે બે ફેઝની કામગીરી હાથ ધરવામાં આવશે. ટોકનના આધારે દર્દીઓની સારવાર પ્રક્રિયા શરૂ કરવાનો અને તેમાં જ ઓપીડીને લગતી તમામ બાબતોનો સમાવેશ કરાશે.

જ્યારે બીજા ફેસમાં હોસ્પિટલમાં દાખલ દર્દીઓની વિગતોનું પૃથક્કરણ, ઈમરજન્સી કેસની વિગતો, તેમજ મસ્કતી હોસ્પિટલ અને તમામ હેલ્થ સેન્ટરને આવરી લેવાનું આયોજન કરાશે.

છોટાઉદેપુરના ખેડૂત મજૂરને ખેત મજૂરીના પૈસા નહીં આપવા બાબતે કલેક્ટરમાં આવેદન પત્ર આપી રજૂઆત

છોટાઉદેપુર, છોટાઉદેપુર તાલુકાના સીમલ ફળિયા ગામનો નદી ફળિયાનો રહેવાસી સુંદરભાઈ ભઈલાભાઈ નાયકા ખેત મજૂરી કરતો હોય જેની મહેનતના પૈસા નહિ આપતા છોટાઉદેપુર કલેકટર કચેરીએ આવેદન પત્ર આપી રજુઆત કરી હતી. અને રોષ ઠાલવ્યો હતો. છોટાઉદેપુર સીમલ ફળિયાના રહેવાસી સુંદરભાઈ ભઈલાભાઈ નાયકા નવરાત્રી દરમિયાન ૨૦૨૩ માં કપાસ વીણવા માટે અણિયારી તાલુકો મોરબી મુકામે ખેત મજૂરી કરવા માટે પટેલ પવાભાઈને ત્યાં ગયા હોય જે સમયે કપાસનું વાવેતર હતું.

બ્યુટી એન્ડ ધ બીસ્ટની સમયથી પર વાર્તાની ઉજવણી કરવા નેક્સસ અમદાવાદ વન આવો

અમદાવાદ, નેક્સસ અમદાવાદ વન તમામ બાળકો માટે બ્રોડવે-શૈલીનું મ્યુઝિકલ થિયેટર લાઇવ પર્ફોર્મન્સ "બ્યુટી એન્ડ ધ બીસ્ટ - અનલીશ્ડ" રજૂ કરે છે. મંત્રમુગ્ધની દુનિયામાં વહી જવા માટે તૈયાર થઈ જાવ. આ મનમોહક ઈવેન્ટ ૩૦મી માર્ચ ૨૦૨૪ના રોજ સાંજે ૭:૩૦ કલાકે પ્લાઝા એરિયા, નેક્સસ અમદાવાદ વન ખાતે યોજાવાની છે. "બ્યુટી એન્ડ ધ બીસ્ટ - અનલીશ્ડ" પ્રેમ, હાસ્ય અને પરિવર્તનકારી જાદુથી ભરેલી એક યાદગાર સફર બનવાનું વચન આપે છે. હિંમતવાન બેલેની કાલાતીત વાર્તામાં તમારી જાતને તલ્લીન કરો ,તેને બીસ્ટની અંદર રહેલી સાચી સુંદરતા શોધી કાઢી છે, જે આપણને બધા ગહન પાઠ શીખવે છે કે પ્રેમની કોઈ મર્યાદા નથી. હૃદયને મોહિત કરવા અને કલ્પનાઓને પ્રેરણા આપવાનું વચન આપતી આ યાદગાર થિયેટર ઈવેન્ટ ચૂકશો નહીં. ''બ્યુટી એન્ડ ધ બીસ્ટ''ની વાર્તાની ઉજવણી કરવા માટે અમદાવાદ નેક્સસ વન આવો. –

વિશાલા તથા વિચાર ટ્રસ્ટના ઉપક્રમે યોજાશે વિશ્વ રંગભૂમિ દિન પર્વ

અમદાવાદ : વિશાલામાં ૨૭મી માર્ચ, ૨૦૨૪, બુધવારના રોજ સાંજે ૬:૩૦ વાગે વિશ્વ રંગભૂમિ દિન પર્વની ઉજવણી કરાશે. આ પ્રસંગે રંગભૂમિના પીઢ તથા યુવા કલાકારોને સન્માનિત કરાશે. વિશાલાના સર્જક તથા વિચાર ટ્રસ્ટના સ્થાપક સુરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું છે કે આ સમારંભમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ શ્રી હર્ષદ પટેલ મુખ્ય મહેમાન તરીકે ઉપસ્થિત રહેશે. છેલ્લાં ઘણાં વર્ષોથી વિશાલા તથા વિચાર ટ્રસ્ટના ઉપક્રમે નિયમિત રીતે દર વર્ષે રંગભૂમિ દિવસે રંગમંચના દિગ્ગજ કલાકારોને પોંખવાનો, તેમનું સન્માન કરવાનો ભવ્ય કાર્યક્રમ યોજાય છે. સુરેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે આ કલાકારો આપણું ગૌરવ છે. પોતાની સમગ્ર જિંદગી સમર્પિત કરીને તેમણે રંગભૂમિને જીવંત રાખી છે. તેમની પ્રતિભા અને રંગભૂમિ માટેની પ્રતિબદ્ધતાને સન્માનિત કરવાનો આ અવસર હોય છે. અમને ગૌરવ છે કે અમે આવા ગૌરવવંતા અનેક અભિનેતાઓ તથા કળાકારોનું સન્માન કરી શકયા છીએ. સન્માન મેળવીને જ્યારે તેઓ સંતોષની લાગણી અનુભવે છે ત્યારે અમને ગૌરવ અને આનંદ થાય છે.'' આપ જાણો છો તેમ, ૨૭મી માર્ચ એટલે કે વિશ્વ રંગભૂમિ દિવસ અને વિશાલાનો જન્મદિવસ.. આ દિવસે છેલ્લા ૧૧ વર્ષથી, રંગભૂમિના વડીલ કલાકારો નું વિશાલા ગૌરવ એવોર્ડ થી સન્માન કરવામાં આવે છે. ગુજરાત અને મુંબઈમાં રહેતા ગુજરાતી રંગભૂમિના કલાકારો નું આ એવોર્ડ થી સન્માન કરવામાં આવે છે. આ સન્માનમાં એવોર્ડ, શો, પ્રશસ્તિપત્ર અને ?૫,૦૦૦ ના સિક્કાઓની થેલી અર્પણ કરવામાં આવે છે. (૧૯-૮)

લોકસભાની ચૂંટણીને લઈને સંવેદનશીલ વિસ્તારમાં વડોદરા પોલીસનું ફુટ પેટ્રોલિંગ

વડોદરા,

આગામી લોકસભાની ચૂંટણી તથા રમજન માસને લઈને સિટી વિસ્તારમાં પોલીસ દ્વારા ફુટ પેટ્રોલિંગ યોજવામાં આવ્યું હતું. જેમાં સામાજિક કાર્યકરો સામે મીટિંગ યોજીને સૂચના આપવા સાથે એચએસ તથા એમસીઆર ઈસમોને ચેક પણ કરાયા હતા. આગામી લોકસભાની ચૂંટણી તથા રમજાન માસને લઈને પોલીસ સિટી અને કુંભારવાડા પોલીસ સ્ટેશન વિસ્તારના સંવેદનશીલ વિસ્તારમા ઉચ્ચ અધિકારીઓના સૂચના મુજબ ગુરુવારના રોજ રાત્રીના સમયે ફુટ પેટ્રોલિંગ કરવામાં આવ્યું હતુ. જેમા એસીપી એમ પી ભોજાણી, પીઆઇ આર.બી.ચૌહાણ, સેકન્ડ પીઆઇ આર.એલ.પ્રજાપતિ, પીઆઇ વાય.એમ.મિશ્રા તેમજ શહેરના નવા નિમણૂક પામેલા એએસઆઇ અને પોલીસ કર્મચારીઓ હાજર રહ્યા હતા.

સરળ UPI ચૂકવણીઓ માટે મોબિક્વીક પોકેટનો કેવી રીતે ઉપયોગ કરવો

અમદાવાદ, યૂઝર્સ તેમના ફાઇનાન્સ વધુ અસરકારક અને સુરક્ષિત રીતે વ્યવસ્થાપન કરવા સક્ષમ બનાવવા માટે અદ્યતન સોલ્યુશન્સ (ઉકેલો) ઓફર કરવા માટે ટેકનોલોજીનો લાભ ઉઠાવીને ફિનટેક ક્ષેત્રએ ઝડપથી વિકાસ સાધ્યો છે. જોકે તાજેતરનો રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા (આરબીઆઇ)નો ડેટા દર્શાવે છે કે ૭૩ ૨૦૨૪ના પ્રથમ તબક્કા દરમિયાન ૧૪,૦૦૦થી વધુ બેંકિંગ સંબંધિત કૌભાંડો થયા હતા. આ કૌભાંડો વધુ આધુનિક બન્યા હોવાથી ફિનટેક તેમના યૂઝર્સની સુરક્ષા અને વિશ્વાસને વધુ મજબૂત બનાવવા માટે સક્રિય પણે સોલ્યુશન્સ અમલમાં મુક્યા છે. ફિનટેક કંપની તેના યૂઝર્સને પોતાના ડિજિટલ વોલેટના કાર્યોને વિસ્તૃત બનાવતા શક્તિશાળી ફીચર પોકેટ UPI સાથે સક્ષમ બનાવીને મોબિક્વિક UPIની શક્તિનો લાભ ઉઠાવી રહી છે. પોકેટ UPI યૂઝર્સને તેમના મોબિક્વિક વોલેટનો લાભ ઉઠાવવા દે છે જેથી તેઓ દરેક ઓપરેટર્સના ઊઇજ અને UPI Ids પર અંતરાય વિના તેમજ બેંક એકાઉન્ટ સાથે સીધા લિંક કર્યા વિના ચૂકવણી કરી શકે છે. પોકેટ UPI, બેંક એકાઉન્ટમાં પુનરાવર્તિત જોખમે ઘટાડીને UPI ચૂકવણીઓ કરતી વખતે સુરક્ષાને વિસ્તૃત બનાવે છે. નજીવા અને વારંવારના ખર્ચાઓ માટે ચૂકવણી કરતી વખતે UPI ચૂકવણીઓ કરવા માટે આ સુગમ વિકલ્પ છે, જે સુધરેલી નાણાંકીય વિઝિબીલીટી માટે બેંક સ્ટેટમેન્ટને અસ્તવ્યસ્ત કરતા નથી. તે બેંકના ડાઉનટાઈમ્સ દરમિયાન ૨૪/૭ કામ કરે છે. (૨૦-૪)

Printed and Published by MAYUR C. BHATT on behalf of KALYANI PUBLIATION PVT. LTD. and Printed at : Dharti Printers C-3, Shankar Chember, Nr. Fadia Chamber, Asharam Road, Ahmedabad-Published From KALYANI PUBLIATION PVT. LTD. 201,202,208 Nandan complex, opp mithakhali rly crossing, mithakhali, ahmedabad. Editior : Mayur C. Bhatt

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

સુધારો

સંદર્ભ : (1) આ ઓફિસનો 18.03.2024 તારીખનો પત્ર નં. Comm/ BRC/E-Auction/24
(2) રેલવે બોર્ડનો 26/27.03.2024 તારીખનો પત્ર નં. 2024/CE-I/MISC/ 2/Election Matters

ઉપરોક્ત સંદર્ભમાં, લોકસભા વિધાનસભા ચુંટણી 2024ની જાહેરાતને કારણે આદર્શ આચારસંહિતા લાગુ થઈ હોવાથી "પે એન્ડ પાર્ક" અને "પે એન્ડ યુઝ" કોન્ટ્રાક્ટના કોન્ટ્રાક્ટસ માટેની ઈ-હરાજી જે 02.04.2024 ના રોજ થવાની હતી તે રદ કરવામાં આવી છે. આના સંબંધમાં નીચે જણાવેલા ઈ-હરાજી કેટલોગ રદ કરવામાં આવ્યા છે.

1.	C481-PRKG-0204	**પાર્કિંગ કોન્ટ્રાક્ટ**
2.	C331-PnU-020424	**પે એન્ડ યુઝ કોન્ટ્રાક્ટ**

BRC-365

અમને લાઇક કરો: facebook.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

હાલના OHE માં ફેરફાર

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલા કામ માટે ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં.** EL/TRD/Tender/23-24/22R3. **કામનું નામ:** વડોદરા ડિવિઝનના સુરત-ગેરતપુર, વડોદરા-ગોધરા અને વડોદરા ડભોઈ સેક્શનમાં રોડ અન્ડર બ્રિજ (RUB) ની જોગવાઈ અને પોર્ટલ/TTC ના ડ્રોપ આર્મ (DA/ભુમ) પર નંબર પ્લેટ્સની જોગવાઈના કારણે હાલના OHE માં ફેરફાર. **કામની અંદાજીત પડતર (રૂ.માં):** ₹ 1,26,31,886/- **બિડ સિક્યુરીટી (રૂ.માં):** ₹ 2,13,200/- **ટેન્ડર દસ્તાવેજની પડતર અને પૂર્ણ કરવાનો સમયગાળો:** પૂર્ણ કરવાનો સમયગાળો 12 મહિના, **ટેન્ડરનું સમયપત્રક:** ટેન્ડર બંધ થવાની તારીખ: 29-04-2024 અને સમય એજ તારીખે 15:00 કલાકે. **વેબ પેજ વિગતો અને નોટીસ સ્થળ જ્યાં સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને સ્પષ્ટીકરણ અને ઓફીસનું સરનામું: વેબસાઈટ: @ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (ઈલેક્ટ્રિકલ Tr.D), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004. BRC-363

અમને ફોલો કરો: twitter.com/WesternRly

પશ્ચિમ રેલવે – વડોદરા ડિવિઝન

વિવિધ એન્જીનિયરીંગ કામ

ઈ-ટેન્ડર નોટીસ નં.
DRM-BRC 142 TO 143 OF 2023-24

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C) પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-390 004 દ્વારા નીચે જણાવેલ કાર્યો માટે સીલબંધ ટેન્ડરો આમંત્રિત કરવામાં આવે છે. **અનું. નં.1: ટેન્ડર નં. DRM BRC 142 of 2023-24. કામનું નામ:** Sr. DEN (South) BRC ના અધિકારક્ષેત્ર હેઠળ વિવિધ ટ્રેક રિન્યુઅલ કામ માટે કોન્ટ્રાક્ટરની પોતાની વેલ્ડિંગ સામગ્રી, મજૂરી વગેરે સહિત ઈન સીટુ 60Kg/90UTS અને R-260 રેલ જોઈન્ટ્સની આપૂર્તિ અને અમલીકરણ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર (રૂ. માં):** ₹ 2,74,69,037.06, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (રૂ. માં):** ₹ 2,87,400.00. **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.15-04-2024** ના 15:00 કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **અનું. નં.2: ટેન્ડર નં. DRM BRC 143 of 2023-24. કામનું નામ:** એકતા નગર : EKNR ખાતે સ્ટેશન બિલ્ડીંગના હાલના કવર શેડનું સમારકામ કરવાનું કામ. **કામની અંદાજીત પડતર (રૂ.માં):** ₹ 24,93,720.38, **જમા કરાવવાની બીડ સિક્યુરીટી (રૂ.માં):** ₹ 49,900.00. **ટેન્ડર જમા કરાવવાની અને ટેન્ડર ખોલવાની તારીખ અને સમય: તા.16-04-2024** ના 15:00 કલાક સુધી ટેન્ડર જમા કરાવી શકાશે અને તે જ તારીખે 15:30 કલાકે ટેન્ડર ખોલાશે. **બંને ટેન્ડરો માટે:- વેબસાઈટ વિગત અને નોટીસ માટે સ્થળ જ્યાંથી સંપૂર્ણ વિગતો જોઈ શકાશે અને ઓફીસનું સરનામું જ્યાંથી ટેન્ડર ફોર્મ ખરીદી શકાશે:** વેબસાઈટ **@ www.ireps.gov.in** ડિવિઝનલ રેલવે મેનેજર (W A/C), પશ્ચિમ રેલવે, પ્રતાપનગર, વડોદરા-4. BRC-362

અમને લાઇક કરો: facebook.com/WesternRly

સાંકેતિક કબ્જા નોટીસ

ICICI Home Finance

રજીસ્ટર્ડ ઓફિસ : આઈસીઆઈસીઆઈ બેંક ટાવર્સ, બાંદ્રા - કુર્લા કોમ્પ્લેક્ષ, બાંદ્રા (ઈસ્ટ), મુંબઈ- ૪૦૦૦૫૧
કોર્પોરેટ ઓફિસ : આઈસીઆઈસીઆઈ એચએફસી ટાવર, જેબી નગર, અંધેરી કુર્લા રોડ, અંધેરી ઈસ્ટ, મુંબઈ- ૪૦૦૦૫૯
**બ્રાન્ચ ઓફિસ : ૪થો માળ, ૪૧૦, માઈલસ્ટોન વાઈબ્રેન્ટ,